**રેગ્યુલર દિવાની મુકદમા નં.૨૭/૨૦૧૩**
**આંક–૭૨ નીચે હુકમ.**

(૧) હાલની અરજી ત્રાહીત મોમીન સૈયદઅલી મહંમદઅલીએ દાવામાં પક્ષકાર તરીકે દાખલ થવા રજુ કરેલ છે. ત્રાહીતની અરજીની હકીકત છે કે તકરારી સોસાયટી જે બનાવેલી છે તેની બાજુમાં તેઓનુ રહેણાંકનુ મકાન આવેલુ છે. તેઓને દાવામાં પક્ષકાર તરીકે નિમણુંક કરવામાં આવે તેવી તેમની વિનંતી છે. જો તેઓને દાવામાં દાખલ કરવામાં ન આવેતો નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન થાય તેવી શકયતા છે. હાલનો દાવો મેસર્સ હિરેનકુમાર એન્ડ બ્રધર્સે દાખલ કરી મનાઈહુકમ મેળવેલ છે જેમાં પ્રતિવાદી કોર્ટને ગેરમાર્ગે દોરી ચાર માળનુ બિલ્ડીંગ બનાવી દીધેલ છે અને મનાઈહુકમ હોવાછતાં ગંભીર ગુનો કરેલ છે. જેથી તેઓને પક્ષકાર તરીકે દાખલ કરવા વિનંતી કરેલ છે.

(૨) હાલની અરજી દાખલ થતાં વાદી તથા પ્રતિવાદીઓને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો જે પૈકી વાદીએ અરજદારની અરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી જયારે પ્રતિવાદીઓએ આંક:૭૭ થી તેમની અરજી વિરુધ્ધ જવાબ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે ત્રાહીતની અરજી બદઈરાદાવાળી છે. ત્રાહીતને હાલના દાવામાં પક્ષકાર તરીકે દાખલ કરવા માટેના કોઈજ કારણો જણાઈ આવતા નથી. ત્રાહીત ઈસમ એ હાલના દાવામાં યોગ્ય તે જરુરી પક્ષકાર નથી જો અરજી મંજુર કરવામાં આવેતો અન્ય દાવાદુવી થવાની શકયતા છે જેથી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) ત્રાહીત તરફે પોતે શ્રી મોમીન સૈયદઅલી મહંમદઅલીએ તેમની મૌખીક દલીલમાં જણાવેલ છે કે પ્રતિવાદીઓએ જે બિલ્ડીંગ બનાવેલ છે ત્યાં તેમનુ રહેઠાણ આવેલુ છે. પ્રતિવાદીઓએ રહેઠાણના સરકારી માર્ગમાં દબાણ કરી બિલ્ડીંગ બનાવેલ છે જે ગેરકાયદેસર બિલ્ડીંગ છે. પ્રતિવાદીઓ ત્રણફુટની માર્જીન છોડેલ નથી. મનાઈહુકમ હોવાછતાં ઈલેકટ્રીક કનેકશન મેળવેલ છે જેથી ત્રાહીતને આવવા જવાનો રસ્તો સાંકડો થઈ ગયેલ છે. તેઓ દાવામાં વાદી તરીકે જોડાવવા માંગે છે જેથી અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

મુળ વાદી તરફે વિ.વ.શ્રી સી.એમ. નાણાવટીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ત્રાહીતને દાવામાં પક્ષકાર તરીકે જોડી શકાય તેમ નથી. ત્રાહીતનુ દાવામાં કોઈ હિત નથી જેથી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. જયારે પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી જે.એસ.સુલેમાનીએ તેમની દલીલમાં જણાવેલ છે કે ત્રાહીતની અરજી ટકવાપાત્ર નથી. ત્રાહીતે તેમની અરજીમાં પક્ષકાર તરીકે દાખલ થવા માટે કોઈ જ કારણો જણાવેલ નથી. ત્રાહીતે તેમની અરજીમાં તેઓ દાવામાં વાદી કે પ્રતિવાદી તરીકે દાખલ થવા માંગે તે જણાવેલ નથી. ત્રાહીતે તદ્દન ઉડાઉ અરજી દાખલ કરેલી છે. ત્રાહીતે માલાફાઈડ ઈન્ટેનશન

અરજી દાખલ કરેલ છે જેથી સ્પેશ્યલ કોષ્ટ સાથે અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) હાલનો દાવો વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ કાયમી મનાઈહુકમ મેળવવા દાખલ કરેલ છે. જે દાવો વાદીએ પ્રતિવાદીઓ ધ્વારા પ્રતિવાદીઓના બિલ્ડીંગમાં જે બાંધકામ કરવામાં આવતુ હતુ તે માર્જીનની જગ્યા છોડયા વગર કરવામાં આવતુ હોય તથા મંજુર થયેલ પ્લાનથી વિરુધ્ધનુ બાંધકામ કરવામાં આવતુ હોય વાદીના સુખાધિકારના હકકને નુકશાન પહોંચે તેમ હોઈ હાલનો દાવો દાખલ કરેલ છે. જેમાં પ્ર તિવાદીઓ વિરુધ્ધ માંગેલ મનાઈહુકમ મંજુર કરવામાં આવેલ છે.

હાલના ત્રાહીતે તેઓની સોસાયટીમાં અથવા જવાના માર્ગમાં પ્રતિવાદીઓએ દબાણ કરેલ હોય હાલના દાવામાં પક્ષકાર તરીકે દાખલ થવા અરજી આપેલ છે. હાલનો દાવો તે સુખાધિકારના ભંગ સબબ દાવો હોઈ તેમાં દબાણ બાબતની તકરાર ચલાવી શકાય નહી. વધુમાં ત્રાહીતે તેમની સોસાયટીમાં તેમના રહેઠાણના ઘરમાં આવવા જવાનો સરકારી રોડ સાંકડો થઈ ગયો હોય દાવામાં વાદી તરીકે જોડવા રજુઆત કરેલ છે. ત્રાહીતને પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો કરવા માટે જે કારણ ઉત્પન્ન થયેલ છે તેના હાલના વાદીને દાવો કરવા સામે કોઈ લેવાદેવા નથી. વધુમાં ત્રાહીતે તેમની અરજીમાં તેઓ દાવામાં વાદી કે પ્રતિવાદી તરીકે જોડાવવા માંગતા હોવાનુ જણાવેલ નથી પરંતુ તેમની મૌખીક દલીલમાં તેઓ વાદી તરીકે જોડાવા માંગતા હોવાનુ જણાવેલ છે. વાદીના દાવામાં કોણ પક્ષકાર હોય તે નકકી કરવાની સત્તા વાદીને છે જેથી તેમાં બીજી કોઈ વ્યકિતને વાદી તરીકે જોડી શકાય નહી. વધુમાં વાદીએ તેમનો દાવો દાખલ કરવા માટેનુ જે કારણ જણાવેલ છે તેનાથી ત્રાહીતને પ્રતિવાદીની સાથે તકરારનુ કારણ અલગ છે. જો ત્રાહીતને દાવામાં દાખલ કરવામાં આવેતો બે અલગ અલગ હિત ધરાવતા પક્ષકારના બે અલગ અલગ કારણવાળો દાવો થાય જેનાથી દાવાને યોગ્ય ન્યાયનિર્ણય આવવા માટે મુશ્કેલી ઉભી થાય તેમ છે જેથી પણ ત્રાહીતને દાવામાં પક્ષકાર તરીકે જોડવા ન્યાયોચીત જણાતા નથી.

(૫) ત્રાહીતે તેમની સોસાયટીમાં આવવા જવા માટેના રોડની જે તકરાર લીધેલ છે જે રોડ સબબ સોસાયટી ધ્વારા હાલના પ્રતિવાદીઓ વિરુધ્ધ બીજો દાવો દાખલ કરવામાં આવેલ હતો જેની મનાઈઅરજી મારી સમક્ષ ચાલી ગયેલ છે અને જે મનાઈઅરજી મંજુર કરવામાં આવેલ છે તે સંજોગોમાં તકરારી રોડ સબબ અગાઉ મનાઈહુકમ આપેલ હોઈ તે દાવામાં ત્રાહીત પક્ષકાર તરીકે જોડવા હિત ધરાવી શકે પરંતુ હાલના દાવામાં ત્રાહીતને પક્ષકાર તરીકે અને તે પણ વાદી તરીકે જોડવા ન્યાયોચીત જણાતા નથી.

(૬) આ કામે પ્રતિવાદી તરફે હાલની અરજી ત્રાહીતે માલાફાઈડ ઈન્ટેનશન આપેલ હોઈ સ્પેશ્યલ કોષ્ટ સહીત નામંજુર કરવા રજુઆત કરેલ છે. પરંતુ ત્રાહીત તે પાર્ટીપર્સન હાજર થયેલા છે જેથી તેઓને

સ્વાભાવીક પણે દિવાની કાયદાની તકરારો બાબતે ઉંડાણપુર્વકનુ જ્ઞાન ન હોય. તેઓ તેમના હકક ઉપર થયેલ અવરોધ બાબત દાવામાં પક્ષકાર તરીકે દાખલ થવા આવેલા છે જેથી ત્રાહીત પાર્ટીપર્સન હોઈ તેમને સ્પેશ્યલ કોષ્ટ ન કરવી ન્યાયોચીત જણાય છે જેથી મારો આખરી હુકમ નીચે મુજબ કરુ છું.

**<u>આ ખ રી  હુ ક મ</u>**

- ત્રાહીત મોમીન સૈયદઅલી મહંમદઅલી તરફે હાલના દાવામાં પક્ષકાર તરીકે દાખલ કરવા માટેની હાલની અરજી રદ યાનેકે નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- પક્ષકારોએ પોતપોતાનુ ખર્ચ ભોગવવું.
- હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૩/૦૯/૨૦૧૪**

**(સચીન પ્રતાપરાય મહેતા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ, સિઘ્ઘપુર**
**કોડનંબર–જી.જે.૦૦૯૩૪**

એ.એમ.ઠાકર